# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધુ બે કેસ

### જિલ્લામાં નોંધાયેલા કેસોની સંખ્યા ૧૪૨ થઈ : ગ્રામીણ વિસ્તારમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૯૧ પર પહોંચી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના પોઝીટીવના ૨ કેસ આજે નોંધાયા છે. આ સાથે જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૯૧ પર પહોંચી છે.

આજે નોંધાયેલ ૨ કેસમાં એક મહિલા દર્દી છે જ્યારે બીજો કેસ આરોગ્ય સેવાઓ સાથે સંકળાયેલ કર્મયોગી છે. બીજો કેસ ગાંધીનગર તાલુકાના વાવોલ ગામેથી મળ્યો છે.

આજે મળેલા આ બન્ને કેસમાં તંત્ર દ્વારા જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. બન્ને દર્દીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

આ બન્ને દર્દીના પરિવારના સભ્યોને ક્વોરોન્ટાઈન કરી અને તેમના નિવાસસ્થાનની આસપાસના વિસ્તારમાં સઘન સર્વેલન્સની કામગીરી તંત્ર દ્વારા હાથ ધરી દેવામાં આવી છે.

ગાંધીનગર તાલુકાના વાવોલ ગામેથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં બ્રધર તરીકે ફરજો બજાવતો કર્મયોગી છે. તે હોસ્પિટલમાં કોઈ દર્દીથી સંક્રમિત થયાનું હાલ પ્રાથમિક તારણ છે. જોકે તેની ડ્યુટી જનરલ વોર્ડમાં હતી તેથી સિવિલ તંત્રે પણ આ અંગે તપાસ હાથ ધરી છે.

કલોલ તાલુકાના બોરીસણા ગામેથી એક મહિલા દર્દીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. મળતી વિગતો પ્રમાણે આ મહિલા દર્દી અમદાવાદ ગઈ હતી અને બે દિવસ પહેલાં જ પરત ફરી હતી. તંત્રને તેની જાણ થતાં તેને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવી હતી. ગઈકાલે તેના નમૂના લઈ અને તપાસ માટે મોકલવામાં આવ્યા હતા જ્યાં તેણીનીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં મોકલી આપવામાં આવેલ છે.

તંત્રએ તેના પરિવારના ૪ જેટલા સભ્યોને ક્વોરોન્ટાઈન ફેસીલીટી સેન્ટર ખાતે ખસેડાયા હોવાનું જામવા મળેલ છે.

## જિલ્લામાં આજે ૧૨ દર્દીને ડિસ્ચાર્જ

### જિલ્લામાં ૯૨ કેસ એક્ટીવ છે જે હાલ સારવાર હેઠળ છે : આજે ડિસ્ચાર્જ અપાયેલ ૧૨ દર્દીમાં સાત પુરૂષ અને પાંચ મહિલા દર્દીનો સમાવેશ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાંથી કોરોના પોઝીટીવના નોંધાયેલા કેસો પૈકી આજે ૧૨ દર્દીઓને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

આજે ડિસ્ચાર્જ કરાયેલ દર્દીઓમાં ૭ પુરૂષ અને પાંચ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે.

રાજ્ય સરકારના અગ્ર સચિવ સુશ્રી જયંતિ રવિના જણાવ્યાનુસાર આજે જિલ્લામાં ૩ કેસ નોંધાયા છે. આ સાથે આજે ૧૨ દર્દીને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૪૫ દર્દીને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે.

જિલ્લામાં હાલ ૯૨ કેસો એક્ટીવ કેસ તરીકે હોસ્પિટલોમાં સારવાર હેઠળ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૬ દર્દીના મોત થયા છે. જેમાં પાંચ ગ્રામ્ય વિસ્તારના છે અને એક શહેરી વિસ્તારનુ છે.

જિલ્લા આરોગ્યતંત્રના જણાવ્યાનુસાર આજ સુધીમાં ૨૯ દર્દીઓને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. જે નોંધાયેલા કેસોની સામે ૩૪.૫ ટકા જેટલી છે. દરમ્યાન મનપાની એક સત્તાવાર યાદીમાં જણાવ્યા મુજબ મનપા વિસ્તારમાં નોંધાયેલ ૫૦ દર્દી પૈકી ૨૬ દર્દીને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. જે નોંધાયેલા દર્દીઓના સાપેક્ષમાં ૫૦ ટકા થાય છે. શહેરમાં આજે બે દર્દીઓને રજા આપવામાં આવી છે.

## શહેરના ૪૪ હજારથી વધુ નાગરિકો કન્ટેનમેન્ટ ઝોનમાં છે

### શહેરમાં ૧૭ વિસ્તારોમાં કન્ટેનમેન્ટ જોન

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરમાં કોરોનાના નોંધાયેલ ૫૦ કેસોને પગલે શહેરના ૧૭ વિસ્તારોને કન્ટેનમેન્ટ ઝોન વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવેલ છે.

આ વિસ્તારોની ૪૪ હજારથી વધુ જનસંખ્યા આ કન્ટેનમેન્ટ વિસ્તારોની છે. આ વિસ્તારમાં લોકડાઉનનું અણલીકરણ પણ કડક રીતે કરવામાં આવી રહ્યુ છે.

શહેરના જે ૧૭ વિસ્તારોને કન્ટેનમેન્ટ ઝોનમાં મુકવામાં આવ્યા છે તેમાં ૩૩ની વસ્તી ધરાવતા વિસ્તારને લઈ ૫૨૫૦ની વસ્તી ધરાવતા વિસ્તારોનો સમાવેશ થાય છે. આ ૧૭ વિસ્તારોમાંથી સે. ૨૪ના બે વિસ્તારો છે.

**કયા સેક્ટરમાં કેટલા કેસ**

| સેક્ટર | કેસ | રીકવર |
|---|---|---|
| ૨ | ૮ | ૩ |
| ૩ | ૬ | ૪ |
| ૩-ન્યુ | ૫ | ૧ |
| ૫ | ૧ | ૦ |
| ૭ | ૨ | ૧ |
| ૮ | ૨ | ૧ |
| ૧૨ | ૧ | ૧ |
| ૧૩ | ૧ | ૦ |
| ૧૭ | ૧ | ૦ |
| ૨૨ | ૧ | ૧ |
| ૨૩ | ૪ | ૪ |
| ૨૪ | ૧૦ | ૪ |
| ૨૯ | ૭ | ૬ |
| ૩૦ | ૧ | ૦ |
| કુલ | ૫૦ | ૨૬ |

(નોંધ :- ૧ મૃત્યુ સેક્ટર-૨૯)

## ગાંધીનગરમાં સ્ટેશન વિસ્તારમાં કામ કરતા શ્રમિકો પણ વતન વાપસીની વાટે

### ઓરિસ્સા , યુ પી બિહારના શ્રમિકો વતન વાપસી માટે પ્રયત્નશીલ : યોગ્ય વ્યવસ્થા ગોઠવાય તે અનિવાર્ય

ગાંધીનગર તા ૧૨

સમગ્ર દેશની સાથે ગુજરાતમાંથી પણ વિવિધ પ્રાંતના મજુરોને તેમના વતન તરફ મોકલવા માટે ટ્રેન દોડવામાં આવી રહી છે. જયારે ગુજરાતમાં પણ અત્યાર સુધી લાખો મજુરો માટે આ મુજબની વ્યવસ્થા કરવામાં આવી છે. ગાંધીનગરમાં પણ ૪૮ દિવસના લોકડાઉનના અંતે શ્રમિકો પોતાની વતન વાપસીની વાટે છે. રેલવે સ્ટેશન વિસ્તારમાં કાર્યરત આ શ્રમિકો છેલ્લા ઓરિસ્સા, યુ પી ,બિહાર તરફ પોતાના વતન જવા માટે અધીરા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જયારે આ વિસ્તારમાં કામ કરતા શ્રમિકોની વતન વાપસી માટે જરૂરી વ્યવસ્થા થાય તે પણ અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

ગાંધીનગરમાં કોરોના વાયરસના કેસ વધતા આગામી તા ૧૭ મેં સુધી કરિયાણા તેમજ શાકભાજીનુ વેચાણ પણ બંધ કરી દેવાયુ છે. જયારે વધતા કેસને નિયંત્રણમા લેવા માટે સોશિયલ ડીસ્ટન્સીંગ તેમજ કડક લોકડાઉનનુ પણ પાલન થઈ રહ્યુ છે. છેલ્લા ૪૮ દિવસથી સમગ્ર દેશમાં લોકડાઉન છે.જયારે ગાંધીનગરમાં પણ લોકડાઉનના કારણે સન્નાટો છવાયેલો છે. બીજીતરફ સમગ્ર દેશમાં પરપ્રાંતિય મજુરો પોતાના વતન જવા માટે રસ્તા પર નિકળી પડયા છે. સરકાર દ્વારા આ મજુરોને વતન પહોંચાડવા માટે ટ્રેઈન દોડવામાં આવી રહી છે. પરંતુ ગાંધીનગરમા પણ ઘણાં બધા પરપ્રાંતિયો વતન તરફ ડોકીયુ કરી ઘરવાપસીની યોગ્ય વ્યવસ્થા થાય તેની વાટે છે. ગાંધીનગરમાં પણ અનેક વિધ વિકાસ કામોમાં જોડાયેલા મજુરો પોતાના વતન જવા માટે બેચેન છે. ગાંધીનગર સ્ટેશન નજીક કાર્યરત પ્રોજેકટમાં કાર્યરત મજુરો પણ વતન વાપસી માટે પ્રયત્નશીલ છે. છેલ્લા ઘણાં દિવસથી આ મજુરો માટે યોગ્ય ખાણીપીણીની વ્યવસ્થા થાય તે મુદ્દે પણ સતત રજુઆતો થતી રહે છે. આ ઉપરાંત એકત્રિત શ્રમિકો પૈકી

● અનુસંધાન પાન-૭ પર



સલામ ફ્રન્ટલાઈન વૉરિયર્સ - વૈશ્વિક મહામારી કોરોના સામેના જંગમાં ફ્રન્ટલાઈન વૉરિયર્સ તરીકે નિષ્ઠા અને લાગણીપૂર્વક ભૂમિકા અદા કરતા નર્સ બહેનોને આંતરરાષ્ટ્રીય નર્સીંગ દિવસે ગૌરવપૂર્વકના સલામ... આજે ગાંધીનગર સીવીલ હોસ્પિટલ ખાતે તમામ નર્સ બહેનોએ આંતરરાષ્ટ્રીય નર્સીંગ દિવસની ઉજવણી કરી હતી.

## આઈસ્ક્રીમ-કોલ્ડ્રીંકસ વિતરકોને ૧૭મી બાદ વેચાણની મંજૂરી

ગાંધીનગર,તા.૧૨

ગુજરાતમાં કોરોના વાયરસે ભારે હાહાકાર અને આંતક મચાવ્યો છે, સાથે સાથે ઉનાળાના તાપનાં કારણે અમદાવાદીઓ ઘરમાં જ ત્રાહિમામ પોકારી ગયા છે. ત્યારે આ બધા વચ્ચે થોડા રાહતનાં સમાચાર આવ્યા છે. કેન્દ્રનાં ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરોટી ઓફ ઈન્ડિયાએ કોલ્ડ ડ્રિંક્સ, આઈસક્રીમ અને ફ્રોઝન ફૂડ જેવી ખાદ્યચીજોથી કોરોનાનું સંક્રમણ થતું ન હોવાની ગાઈડલાઈન્સ દરેક રાજ્યોને મોકલી છે. ત્યારે આ ગાઈડલાઈનનાં મુજબ ગુજરાતમાં કોલ્ડ્રીંક્સ અને આઈસ્ક્રીમના વેચાણમાં છૂટ મળી શકે છે, ફૂડ કમિશ્નર કોશિયાએ તમામ કમિશ્નરોને પત્ર લખ્યો છે. ઠંડા પીણાંથી કોરોના ન ફેલાતો હોવાથી છૂટ મળી શકે છે. સરકારે તા.૧૭મી મે બાદ આઈસ્ક્રીમ અને કોલ્ડ્રીંકસ વિતરકોને વેચાણની મંજૂરી આપવાનો મહત્વનો નિર્ણય કર્યો છે.

## ભાજપને ભારે ઝટકો : ધોળકા બેઠકની ચૂંટણી હાઈકોર્ટે રદ કરી

### શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની ચૂંટણી રદ થતાં ભારે આઘાત : ભ્રષ્ટ પ્રેક્ટીસના આધારે જીત મેળવી હોવાનું હાઇકોર્ટનું ગંભીર અવલોકન : ગુજરાત હાઇકોર્ટનો ઐતિહાસિક ચુકાદો

ગાંધીનગર,તા.૧૨

ગુજરાત હાઈકોર્ટે આજે એક ઐતિહાસિક અને સીમાચિહ્નરૂપ ચુકાદા મારફતે ભાજપના વરિષ્ઠ નેતા અને રાજ્યના કાયદા અને શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા જ્યાંથી વિજેતા બન્યા હતા તે ધોળકા વિધાનસભા બેઠકની ૨૦૧૭માં યોજાયેલી ચૂંટણી રદ કરવાનો અતિમહત્વપૂર્ણ આદેશ કર્યો છે. ગુજરાત હાઈકોર્ટના આ ઐતિહાસિક ચુકાદાને પગલે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને બહુ મોટો ઝટકો અને આઘાત મળ્યો છે. તો, ભાજપને પણ આ ઐતિહાસિક અને સીમાચિહ્નરૂપ ચુકાદાને લઈ જોરદાર પછડાટ મળી છે. ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ પરેશ ઉપાધ્યાયે વીડિયો કોન્ફરન્સીંગ મારફતે પોતાનો મહત્વનો ચુકાદો જારી કર્યો હતો અને ગંભીર



અવલોકન કર્યું હતું કે, પ્રસ્તુત કેસમાં ચૂંટણી પંચની માર્ગદર્શિકાઓનું સરેઆમ ઉલ્લંઘન કરી અને ભ્રષ્ટ પ્રેક્ટીસ આચરીને જીત મેળવી હોવાનું સ્પષ્ટ થાય છે. ૨૦૧૭માં ધોળકા વિધાનસભા બેઠક પરથી ચુડાસમા ૩૨૭ રનની નજીવી સરસાઈથી જીત્યા હતા. હાઈકોર્ટના આ ચુકાદાને પગલે હવે ચુડાસમાનું મંત્રીપદ અને ધારાસભ્ય ખતરામાં આવી ગયુ છે, તેથી તાબડતોબ ચુડાસમાએ આ ચુકાદાને સુપ્રીમકોર્ટમાં પડકારવાની તજવીજ હાથ ધરી છે. ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની જીતને પડકારતી કોંગ્રેસના ઉમદેવાર અશ્વિન રાઠોડ દ્વારા કરાયેલી રિટ અરજીમાં એડવોકેટ શાર્વિલ પી. મજમુદારે રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં ભૂપેન્દ્રસિંહ ચુડાસમાનો ધોળકા બેઠક પરથી ૩૨૭ મતે વિજય થયો હતો. આ ચૂંટણી દરમ્યાન ઘણી બાબતોમાં ગેરરીતિ સામે આવી હતી. જેમાં ખુદ ચૂંટણી રિટર્નીંગ ઓફિસર ધવલ જાની અને ચૂંટણી નીરીક્ષક(ઓબ્ઝર્વર) વિનીતા બોહરાની ભૂમિકા શંકાસ્પદ હોવાના આક્ષેપ થયા હતા. રિટર્નીંગ ઓફિસરે ખોટી રીતે પોસ્ટલ બેલેટના ૪૨૭ મતો રદબાતલ ઠરાવ્યા હતા.

## નગરની બેંકોમાં પાસબુક કલીયરીંગની કાર્યવાહી ઠપ્પ થતા ગ્રાહકોને હાલાકી

### પાસબુક ક્લીયરીંગ તેમજ કેશલેસ સુવિધા અમલ મુકતા પહેલા ગ્રાહકોને એ ટી એમ તેમજ ક્રેડીટ કાર્ડ આપવાની વ્યવસ્તા કરવી પણ અનિવાર્ય : શહેર વસાહત મહામંડળની રજુઆત

ગાંધીનગર તા ૧૨

કોરોના વાયરસની મહામારીના સંજોગોમાં બેંકો પણ બંધ છે. વેપાર ધંધા ઠપ્પ છે. જયારે હાલ શહેરમાં આર્થિક વ્યવ્હારો પણ અટવાયેલા છે. આ ઉપરાંત બેંકોમાં પાસબુકને લગતી એન્ટ્રી કે ક્લીયરીંગ થઈ શકતુ નથી. બેંકોમાં જોવા મળતા સ્વયંસંચાલિત મશીનો પણ અદ્રશ્ય થઈ ગયા છે. આવા સંજોગોમાં કેશલેસ વ્યવહાર કરવા માટે પણ જે ગ્રાહકો પાસે એ ટી એમ કે ક્રેડીડ કાર્ડ ન હોય તેને પ્રથમ કાર્ટ મળી રહે તેવી સુવિધા કરવાની અનિવાર્યતા છે. નગરની બેંકોમાં આ પ્રકારની સુવિધા ઉપલબ્ધ કરવા માટે શહેર વસાહત મહામંડળે રજુઆત કરી છે.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ છેલ્લા બે માસથી એસ બી આઈ કે અન્ય બેંકોમાં પાસબુક કલિયરીંગ કરવામાં આવતુ નથી જેના લીધે ગ્રાહકોને દુવિધા ઉભી થઈ રહી છે.બેંકોના ગ્રાહકોને છેલ્લા બે મહીનાથી અસુવિધા વેઠવી પડે છે. જેનુ યોગ્ય નિરાકરણ આવે તે અનિવાર્ય છે. જયારે આ મામલે જિલ્લા કલેકટર તેમજ બેકીંગ સમિતિ કે સંકલન સમિતિમાં પ્રશ્ન હાથ પર લેવાની પણ અનિવાર્યતા ઉભી થઈ છે. બેંકોમાં પાસબુક કલીયરીંગનુ કામ હાથ ધરાય તેવી વ્યવસ્થા ગોઠવવા માટે પણ રજુઆત કરવામાં આવી છે. સ્વયંસંચાલિત પાસબુક મશીનો પણ બંધ કરી દેવામાં આવ્યા છે. ગ્રાહકો પોતાની રીતે પણ પાસબુકની એન્ટ્રી કરાવી શકતા નથી. આ સ્થિતિ વચ્ચે અગવડતા ઉભી થઈ રહી છે. વર્તમાન સ્થિતિમાં સરકાર કેશલેસ માર્કેટીંગનો અમલ કરવા માટે વિચારી રહી છે. આવા સંજોગોમાં પ્રથમ તબકકામાં બેંકના જે ગ્રાહકો પાસે એ ટી એમ , ક્રેડીટ કે ડેબીટ કાર્ડ નથી તેવા ગ્રાહકોને આ મુજબના કાર્ડ મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. જયારે આ માટે કોઈ ચાર્જ વસુલવામાં ન આવે તેમ પણ મહામંડળે રજુઆતમાં જણાંવ્યુ છે. આ અંગે શહેર વસાહત મહામંડળના મયુર વ્યાસ, કાલુભાઈ દેસાઈ , પ્રદિપ સોલંકી, શશીકાંત મોઢા તેમજ કીશોર જીકાદરાએ પણ ગ્રાહકોને યોગ્ય વ્યવસ્થા પુરી પાડવા માટે રજુઆતમાં જણાંવાયુ છે.

## દક્ષિણ ગુજરાતમાં તાપી-ડાંગ જિલ્લો કોરોનાથી મુક્ત

### વલસાડ, નવસારી જિલ્લો મુક્ત થવાથી માત્ર ૧-૧ કેસ દૂર

ગાંધીનગર,તા.૧૨

કોરોનાના કહેર વચ્ચે હવે દક્ષિણ ગુજરાત માટે સારા સમાચાર આવ્યા છે. દક્ષિણ ગુજરાતના જિલ્લાઓ પૈકી સુરત શહેર જ રેડ ઝોનમાં છે. જ્યારે નવસારી, તાપી, વલસાડ અને ડાંગ જિલ્લો ઓરેન્જ ઝોનમાં છે. જો કે, હવે રાહતના સમાચાર એ છે કે, ડાંગી અને તાપી જિલ્લો કોરાનાથી મુક્ત થઈ ગયા છે અને નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લો કોરોનાથી મુક્ત થવામાં ૧-૧ કેસ દૂર છે. તો, તાપીના બે અને ડાંગના ત્રણ દર્દીઓ સાજા થતાં મોટી રાહત મળી છે. તંત્રની સાથે સાથે સ્થાનિક લોકોમાં પણ ખુશીની લાગણી જોવા મળી રહી છે. તાપી જિલ્લામાં પહેલો કેસ માયપુરના બુટલેગર મહિલાનો ૨૦ એપ્રિલના રોજ નોંધાયો હતો. જેને તા.૪મે ના રોજ સાજા થતા રજા આપી દેવામાં આવી હતી. જ્યારે અન્ય એક કુકરમુંડા તાલુકાનાં ઈંટવાઈ ગામના કેન્સરની સારવાર લઈ રહેલા દર્દી વિનાયકભાઈ તુકારામભાઈ પાડવીને અમદાવાદની બી.જે.મેડિકલ હોસ્પિટલના કેન્સર વિભાગ ખાતે ખસેડાયા હતા. જ્યાં તા.૧મે ના રોજ તેમનો કોરોના ટેસ્ટ માટે સેમ્પલ લેવાયો હતો, જે સેમ્પલ પોઝિટિવ આવ્યો હતો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com